# મહિલા કાનુની જાગૃતિ દિવસ

તારીખ 12/ 8 /2019 સોમવારના રોજ કિસાન માધ્યમિક વિદ્યાલય ધોરણ 9 અને ધોરણ 10ની વિદ્યાર્થીનીઓની ઓડિટોરિયમ હોલ માં મહિલા કાનુની જાગૃતિ દિવસની જાણકારી માટે ઉપસ્થિત કરવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્ય શ્રી ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીનીઓની મહિલા કાનુની અંકે યોગ્ય જાણકારી આપવામાં આવી હતી અને મહિલાએ પોતાના હક માટે કાનૂની જાણકારી રાખવી એ જરૂરી છે તેમજ મહિલાઓએ ક્યારેય ઘરેલુ હિંસા છેડતી કે તીન તલાક ની હિંસા ક્યારેય સહન કરવી નહીં તે અંગે માહિતગાર કરી.મહિલાઆઓ કાનૂની અંગે સજાગ ના હોવાના કારણે જ અત્યારે બળાત્કાર, ઘરેલુ હિંસાનો શિકાર થઇ રહી છે. તેનો સામનો અત્યારથી જ કરવો જરૂરી છે અને 181 મહિલા હેલ્પલાઈન થી આપણે આપણો બચાવ કરી શકીએ છીએ. તે અંગે માહિતી આપી અને દરેક મહિલાએ સ્વ બચાવ કેવી રીતે કરવો તેની યોગ્ય માહિતી આપી. મહિલાઓમાં કાનૂની પ્રત્યે સજાગતા ના હોવાના કારણે સ્ત્રી સશક્તિકરણ અત્યારે નબળું પડી ગયું છે. તેમજ જે અશિક્ષિત મહિલાઓ છે તેને છોડીને શિક્ષિત મહિલાઓ પણ જાણે-અજાણે સહન કરતી હોય છે. એટલે જ મહિલાઓ ને અત્યારે શિક્ષિત કરવી વધુ જરૂરી થઈ ગઈ છે. અમુક નાના સર્વેક્ષણ પછી એવું જાણવા મળ્યું છે કે મહિલાઓ યોન શોષણ, ઘરેલુ હિંસા, છેડતી અને તીન તલાક જેવા અપરાધ ઝેલી રહી છે.એટલા માટે જ મહિલાઓએ પોતાના પ્રત્યે સજાગ રહેવું તેમજ કાનુની અંગેની જાણકારી રાખવી એ ખૂબ જ મહત્ત્વનું થઈ ગયું છે. સ્ત્રી જ્યારે એકલી હોય અને એના ઉપર કોઈ હિંસા થઈ રહી હોય તો એને સ્વ બચાવ કેવી રીતે કરવો એની જાણકારી મેળવવી તેમજ દરેક મહિલાએ 181 મહિલા હેલ્પલાઇન ની જાણકારી રાખવી જરૂરી છે.